મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

G T NEWS ગરવી તાકાત LIVE

૩૦-૦૧-૨૦૨૫
ગુરૂવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૯૮
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### કોલેજ સત્તાધીશોની બેદરકારી આ ઘટના માટે જવાબદાર છે અને તેઓ ન્યાય મળે ત્યાં સુધી શાંત નહીં રહીએ : વિદ્યાર્થીઓ

## બાસણા હોમિયોપેથી કોલેજના સત્તાધીશોની બેદરકારીના કારણે બીએચએમએસની વિદ્યાર્થીનીએ આપઘાત કર્યો હોવાનો આક્ષેપ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯

વિસનગરની મર્ચન્ટ હોમિયોપેથીક મેડિકલ કોલેજમાં ગંભીર ઘટના સામે આવી છે. કોલજમાં અભ્યાસ કરતી BHMS પ્રથમ વર્ષની વિદ્યાર્થીની ઉવર્શી શ્રીમાળી (ઉ.વ.૧૯)એ હોસ્ટેલમાં પોતાની રૂમમાં આપઘાત કરી લીધો છે. આ ઘટનાએ કોલેજ કેમ્પસમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે. સાથે વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કોલેજના વિદ્યાર્થીઓએ આરોપ લગાવ્યો છે કે કોલેજ સત્તાધીશોની બેદરકારી આ ઘટના માટે જવાબદાર છે અને તેઓ ન્યાય મળે ત્યાં સુધી શાંત નહીં રહીએ.

આ વિદ્યાર્થિનીના મૃત્યુના સમાચાર ફેલાતાં જ કોલેજના વિદ્યાર્થીઓએ ભારે વિરોધ પ્રદર્શન શરૂ કર્યું સાથે જ કોલેજમાં તોડફોડ કરી છે. આપઘાતના પગલે કોલેજના વિદ્યાર્થીઓએ આચાર્ય વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાની માંગ કરી છે. જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાની વિદ્યાર્થીઓએ ચીમકી ઉચ્ચારી છે.

આ ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને તપાસ શરૂ કરી છે. વિદ્યાર્થીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે. મર્ચન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ કોલેજમાં વિદ્યાર્થિનીના મૃત્યુના






કારણો અંગે તપાસ ચાલી રહી છે. કોલેજના વિદ્યાર્થીઓએ આરોપ લગાવ્યો છે કે કોલેજ સત્તાધીશોની બેદરકારી આ ઘટના માટે જવાબદાર છે અને તેઓ ન્યાય મળે ત્યાં સુધી શાંત નહીં બેસે.

વિદ્યાર્થિનીની લાશને મહેસાણા સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી છે. વિદ્યાર્થીનીએ આપઘાત કરતાં વિદ્યાર્થીઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓને હોસ્ટેલ તેમજ કોલેજમાં ટોર્ચર કરવામાં આવી રહ્યા છે તેવા પણ આપેક્ષો કરવામાં આવી રહ્યા છે. વિદ્યાર્થીઓ દ્વારા જે શિક્ષક દ્વારા ટોર્ચર કરવામાં આવે છે તેને સસ્પેન્ડ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓ દ્વારા આવેદન તૈયાર કરવામાં આવી રહ્યું છે.

જે આવેદન ટ્રસ્ટી મંડળને આપવામાં આવશે. જેમાં કોલેજમાં વિદ્યાર્થીઓને પડતી તમામ સમસ્યાઓ રજૂ કરવામાં આવી છે. આ મામલે મહેસાણા પોલીસે વિદ્યાર્થીઓના નિવેદન લેવાની તજવીજ હાથ ધરી છે.

વિદ્યાર્થિનીના આપઘાતના પગલે વિદ્યાર્થીઓ દ્વારા માંગ કરવામાં આવી રહી છે. હોસ્ટેલમાં પ્રાયમરી કીટ મૂકવામાં આવે, હોસ્ટેલમાં રેકટરની હાજરી રાખવામાં આવે.

વિદ્યાર્થીનીને ટોર્ચર કરવામાં આવે છે જે મામાલે નોવેલ સરને સસ્પેન્ડ કરવાની ઉગ્ર માંગ કરવામાં આવી છે. જર્નલ દશ દશ વખત લખવા માટે આપે છે. વિદ્યાર્થિનીઓને સુરક્ષા પૂરી પાડો. બીમાર વિદ્યાર્થી માટે હોસ્ટેલમાં રેસ્ટ રૂમ બનાવવામાં આવે. જમવાની વ્યવસ્થા સુધારો કરવામાં આવે, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ઉગ્ર આંદોલન કરશે. જ્યાં સુધી સમસ્યાનું સમાધાન નહીં થાય ત્યાં સુધી અહીથી ઊભા નહીં થઈએ.

### પત્રિકામાં નેતાઓ, વેપારી આગેવાનો અને ખેડુત પ્રતિનિધીઓને વિનંતી કરી છે

## ઊંઝા એપીએમસીના પૂર્વ ચેરમેન દિનેશ પટેલના સમર્થનમાં ભાજપ નેતાની પત્રિકા સોશિયલ મિડીયામાં વાયરલ થઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯

એશિયાની સૌથી મોટી ઊંઝા એપીએમસીની ચૂંટણી પૂર્ણ થયાને સવા મહિનો વીતી ગયો હોવા છતાં હજુ સુધી ચેરમેન સહિતના હોદ્દેદારોની વરણી થઈ નથી. આ સ્થિતિ વચ્ચે ભાજપના શહેર ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ બજરંગની એક પત્રિકા સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે, જેમાં તેમણે ઊંઝાના વિકાસ માટે રાજ્યના નેતાઓ, વેપારી આગેવાનો અને ખેડૂત પ્રતિનિધિઓને વિનંતી કરી છે.



તાજેતરમાં યોજાયેલી આ ચૂંટણી સહકારી કાયદાના નવા સુધારા સાથે સંપૂર્ણ લોકશાહી રીતે સંપન્ન થઈ હતી. આ ચૂંટણીમાં ખોટા મતદારો બનાવવાની પ્રથા અટકાવવા માટે સુધારેલા નિયમો મુજબ માત્ર સાચી મંડળીઓના સભ્યો અને પ્રમાણિત વેપારી મતદારોને જ મતદાનનો અધિકાર આપવામાં આવ્યો હતો.

ગત પાંચ વર્ષ દરમિયાન દિનેશભાઈ પટેલના નેતૃત્વમાં એપીએમસીએ નોંધપાત્ર પ્રગતિ કરી છે. તેમના કાર્યકાળ દરમિયાન વેપારીઓના સાહસ અને ખેડૂતોના વિશ્વાસને કારણે માલની આવક અને એપીએમસીની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે.

વેપારીઓને કોઈપણ પ્રકારની કનડગત વિના તેમણે એપીએમસીના વિકાસ માટે કામ કર્યું છે. આ કારણે જ નવી ચૂંટણીમાં પણ મતદારોએ તેમને સમર્થન આપ્યું છે.

### નંદાસણ પોલીસ સ્ટેશનના પીઆઈ સિસોદીયાની સૂચના મુજબ

## કડીના સરસાવ ગામમાં પતરાના શેડમાં સંતાડેલી વિદેશી દારૂની 252 બોટલો પોલીસે ઝડપી પાડી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯

નંદાસણ પોલીસને મળેલી બાતમીના આધારે સરસાવ ગામમાં મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસને માહિતી મળી હતી કે સરસાવ ગામના રહેવાસી જયદીપસિંહ ઉર્ફે કાનાજી વાઘેલા પોતાના ઘરમાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનો વેપાર કરી રહ્યા છે.

નંદાસણ પોલીસ સ્ટેશનના PI સિસોદિયાની સૂચના મુજબ PSI ગોહિલ અને તેમની ટીમે સરસાવ ગામમાં આવેલા જયદીપસિંહના ઘરે દરોડો પાડ્યો હતો.

જો કે, પોલીસ પહોંચે તે પહેલાં જ બુટલેગર ફરાર થઈ ગયો હતો. પોલીસે મકાનની ઝડતી લેતા ધાબા પરથી અને બાજુમાં આવેલા પતરાના શેડમાંથી પ્લાસ્ટિકની ડોલમાં સંતાડેલી વિદેશી દારૂની ૨૫૨ બોટલો મળી આવી હતી.

પોલીસે કુલ રૂપિયા ૩૨,૬૩૪ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે ફરાર થયેલા આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

નંદાસણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશન અને જુગાર વિરોધી કાર્યવાહી સતત ચાલી રહી છે.

### અજાણ્યા વાહન ચાલકે બેફામ ઝડપે હંકારી એક્ટિવા ચાલકને ટક્કર મારી હતી

## મહેસાણાના ઉનાવા હાઈવે ઉપર હિટ એન્ડ રનની ઘટનામાં એક્ટિવા ચાલક ઈજાગ્રસ્ત

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯

મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકામાં એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. ઉનાવા ગામે આવેલી હોટલ ડિસન્ટ નજીક રાત્રિના પોણા નવ વાગ્યાના સુમારે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. મહેસાણાના ધર્મનગર સોસાયટીમાં રહેતા અને મૂળ પ્રતાપગઢ ગામના રોહિતભાઈ પ્રતાપભાઈ ચૌધરી પોતાના એક્ટિવા પર ઉનાવાથી મહેસાણા તરફ જઈ રહ્યા હતા.

દરમિયાન, કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેફામ



ઝડપે હંકારીને રોહિતભાઈના એક્ટિવાને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રોહિતભાઈને શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ટક્કર મારીને વાહન ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

આ ઘટના અંગે રોહિતભાઈએ ઉનાવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસે રોહિતભાઈના નિવેદનના આધારે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

### ગાંધીનગર રેન્જ પોલીસની ઊંઝા હાઈવે પર મોટી કાર્યવાહી

## ટ્રકમાં પ્લાસ્ટર ઓફ પેરિસની કોથળીઓની આડમાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯

ગાંધીનગર રેન્જ પોલીસે ઊંઝા હાઈવે પર મોટી કાર્યવાહી કરતા વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસને મળેલી બાતમીના આધારે રિલાયન્સ પેટ્રોલપંપ પાસે વોચ ગોઠવવામાં આવી હતી, જ્યાંથી એક અશોક લેલેન્ડ ટ્રક પકડવામાં આવ્યો હતો.

ટ્રકની તપાસ કરતા પ્લાસ્ટર ઓફ પેરિસની કોથળીઓની આડમાં સંતાડેલી વિદેશી દારૂની ૧,૧૬૫ બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ. ૩.૨૧ લાખ છે. આ ઉપરાંત ટ્રકની કિંમત રૂ. ૧૩ લાખ અને ૪૫૮ કોથળી પ્લાસ્ટર ઓફ પેરિસ કિંમત રૂ. ૫૪,૯૬૦ મળી કુલ રૂ. ૧૬.૭૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ગાંધીનગર રેન્જના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના અધિકારી સાબિરખાન હારૂનરસીદને મળેલી માહિતી મુજબ, આ દારૂનો જથ્થો પાલનપુરથી સિદ્ધપુર થઈ મહેસાણા તરફ લઈ જવાતો હતો.

પોલીસે ટ્રક ચાલક રામ નારાયણ હરચંદરામ બિશનોઈ (રહે. ફલોદી, જોધપુર)ની ધરપકડ કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સતત ત્રણ વર્ષથી ગુજરાતના ટેબ્લોને પ્રથમ સ્થાનનું ગૌરવ સન્માન અપાવવા અંગે ગુજરાતના સૌ નાગરિકોનો આભાર વ્યક્ત કરીને અભિનંદન પાઠવ્યા

## નવી દિલ્હીમાં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોએ સતત ત્રીજા વર્ષે 'પોપ્યુલર ચોઇસ' કેટેગરીમાં જનતા જનાર્દનના સૌથી વધુ વોટ મેળવીને હેટ્રિક સર્જી

**'MyGov Platform' દ્વારા ટેબ્લોઝની શ્રેષ્ઠતાની પસંદગી માટે દેશની જનતા પાસેથી ઓનલાઈન વોટિંગ- પોપ્યુલર ચોઈસ એવોર્ડ કેટેગરીમાં સૌથી વધુ વોટ શેર સાથે ગુજરાતનો ટેબ્લો પ્રથમ ક્રમે**

**'આનર્તપુર થી એકતાનગર સુધી-વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ' વિષય પરનો ટેબ્લો વડાપ્રધાનના 'વિરાસત ભી, વિકાસ ભી'ના અભિગમને પ્રસ્તુત કરવામાં અગ્રેસર બન્યો**

**ટેબ્લોના કલાકારોની સાંસ્કૃતિક નૃત્ય સ્પર્ધામાં પણ ગુજરાતનો મણિયારો રાસ ત્રીજા ક્રમે**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯

૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં નવી દિલ્હીના કર્તવ્ય પથ ઉપર પ્રસ્તુત કરવામાં આવેલા ગુજરાતના ટેબ્લો ×આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ×ને પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં સૌથી વધુ મત પ્રાપ્ત થયા છે.ગુજરાતના ટેબ્લોએ પ્રજાસત્તાક દિન પરેડમાં પોપ્યુલર ચોઈસનું પ્રથમ સ્થાન સતત ત્રીજા વર્ષે પ્રાપ્ત કરીને હેટ્રિક સર્જી છે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતનો ટેબ્લો પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં પ્રથમ સ્થાને આવી રહ્યો છે તેની ગૌરવપૂર્ણ સિધ્ધિ અંગે ગુજરાતના સૌ નાગરીકોને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવીને આભાર વ્યક્ત કર્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "વિરાસત ભી, વિકાસ ભી"નો જે મંત્ર આપ્યો છે તેને ગુજરાત જનભાગીદારી થી સાકાર કરી રહ્યું છે અને ભવિષ્યમાં પણ અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં નવી દિલ્હી ખાતે કર્તવ્ય પથ પર વિવિધ રાજ્યો અને સરકારના વિભાગોના ૩૧ ટેબ્લોઝ રજૂ કરવામાં આવ્યા હતા.

ગુજરાત રાજ્યના માહિતી વિભાગે પ્રસ્તુત કરેલા ટેબ્લોમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ગુજરાતે આધુનિક વિકાસની જે હરણફાળ ભરી છે તે વિકાસ ગાથા પ્રાચીન વિરાસતની ઝાંખી સાથે પ્રસ્તુત થઈ હતી. આ પરેડમાં રજૂ થતા વિવિધ ટેબ્લૉઝ માટે નાગરિકો પોતાના વોટ ઓનલાઈન આપીને 'પોપ્યુલર ચોઈસ'ના શ્રેષ્ઠ ટેબ્લોને પસંદ કરી શકે તેવો નવતર અને પારદર્શી અભિગમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અપનાવવામાં આવ્યો છે.

ગુજરાત સરકારના માહિતી વિભાગે આ પરેડમાં પ્રસ્તુત કરેલા ટેબ્લો 'આર્નતપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસના અદભૂત સંગમ'ને સૌથી વધુ વોટ જનતા જનાર્દને આપ્યા છે. આ વિશાળ સંખ્યાના વોટિંગથી ગુજરાતના ટેબ્લો પોપ્યુલર ચોઈસમાં સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમે રહ્યો છે.

ગુજરાતના ટેબ્લોએ પોપ્યુલર ચોઈસ કેટેગરી એવોર્ડમાં અગ્રેસર રહેવાની પરંપરા ૨૦૨૩ના ૭૪માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડથી શરૂ કરી છે. આ પરેડમાં રાજ્ય સરકારે "ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત"ના ટેબ્લોમાં વડાપ્રધાનશ્રીએ પુનઃ પ્રાપ્ય ઊર્જાના મહત્તમ ઉપયોગના આહવાનને સાકાર કરવામાં ગુજરાતની પહેલની ઝાંખી પ્રસ્તુત કરી હતી.

ગત વર્ષ-૨૦૨૪ના ૭૫માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતે રજુ કરેલા ટેબ્લો "ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ઼્-ધ્રઉ઼્"ની પ્રસ્તુતિને પણ 'પોપ્યુલર ચોઈસ' કેટેગરીમાં પ્રથમ ક્રમ મળ્યો હતો. એટલું જ નહીં, ટેબ્લોઝની શ્રેષ્ઠતા માટેની પસંદગી સમિતિની- જ્યુરીની ચોઈસમાં પણ ગુજરાતના આ ટેબ્લોએ ૨૦૨૪માં બીજો ક્રમ મેળવ્યો હતો.આ જ પરંપરામાં વધુ એક સિધ્ધિ મેળવીને ૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોએ સતત ત્રીજી વાર પ્રથમ ક્રમ મેળવીને હેટ્રીક સર્જવાનું ગૌરવ પ્રાપ્ત કર્યુ છે.

૭૬માં પ્રજાસત્તાક પર્વે નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પર પ્રસ્તુત થયેલા આ ટેબ્લોમાં - સ્વર્ણિમ ભારત : વિરાસત અને વિકાસ" શીર્ષક અંતર્ગત જે ઝાંખીની રજૂઆત થઈ હતી તેણે ખરા અર્થમાં ન માત્ર રાજ્ય પરંતુ રાષ્ટ્રની સાંસ્કૃતિક ધરોહર અને વિકાસના અભૂતપૂર્વ સંમિશ્રણને અસરકારકતાથી સાકાર કર્યુ હતું.

ગુજરાતની ઝાંખીના ૧૨મી સદીના વડનગર એટલે કે આનર્તપુરના સોલંકીકાળના 'કીર્તિ તોરણ'થી લઈને ૨૧મી સદીની અજાયબી સ્વરૂપ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના સાંસ્કૃતિક વારસાની સાથે સંરક્ષણ-ટેકનોલોજી-ઓટોમોબાઈલ અને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે રાજ્યની 'આત્મનિર્ભરતા'ના વિવિધ વિકાસના પ્રકલ્પો સી-૨૯૫ એરક્રાફટ ઉત્પાદન યુનીટ, સેમી કન્ડક્ટર ચીપ અને તેના આનુષંગીક ઉપકરણો તથા અટલ બ્રિજ વગેરનું બખૂબી નિદર્શન કરવામાં આવ્યું હતું. રાજ્યની ઝાંખીમાં પ્રારંભે સોલંકીકાળમાં વડનગર સ્થિત ૧૨મી સદીનું રાજ્યના સાંસ્કૃતિક પ્રવેશદ્વાર સમું 'કિર્તી તોરણ' તો છેડે ૨૧મી સદીની શાન સમી ૧૮૨ મીટરની ઊંચાઈ ધરાવતી સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને દર્શાવવામાં આવી હતી.

ગુજરાતની આ ઝાંખીને વધુ રસપ્રદ બનાવવાના હેતુસર પારંપરિક કિન્તુ અર્વાચીન દુહાના તાલે રાજ્યનો જોમવંતો 'મણિયારો' રાસ જીવંત નૃત્ય સાથે દર્શાવવામાં આવ્યો હતો.

ગુજરાતની પારંપારીક લોક સંસ્કૃતિના મેરૂ સમાન આ મણિયારા રાસને વિવિધ રાજ્યોના ટેબ્લોના કલાકારો દ્વારા યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમની કૃતિઓની સ્પર્ધામાં પણ ત્રીજું સ્થાન મળ્યું છે.

આ સમગ્ર પ્રસ્તુતિ અને ઝાંખીએ પરેડમાં સૌના મન મોહી લીધા હતા અને આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.




# એક સાથે ચૂંટણીના વિચાર પર અમલનો સમય

કેન્દ્ર સરકારે લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે કરાવવાની વાત ફરીથી કરી છે. તેણે કહ્યું કે જો તમામ રાજકીય પક્ષો એના પર સંમત થાય તો એ સંભવ છે. તાજેતરમાં જ લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી કિરણ રિજિજૂએ આ પ્રસ્તાવ પર વિસ્તારથી જણાવ્યું કે એક સાથે ચૂંટણી કરાવવાથી ન માત્ર સરકારી ખજાનાને ભારે બચત થશે, બલ્કે રાજકીય પક્ષો અને ઉમેદવારોનો ખર્ચ પણ ઘટશે, તેનાથી વારંવાર થનાર ચૂંટણીઓને કારણે લાગુ આદર્શ આચાર સંહિતાને કારણે અટકતી વિકાસ પરિયોજનાઓ પણ પ્રભાવિત નહીં થાય. જોકે આ લ-યની પ્રાપ્તિ માટે તમામ પક્ષો અને રાજ્ય સરકારોએ એક સંયુક્ત મંચ પર આવીને કોઈ યુક્તિ કાઢવી પડશે. સાથે જ બંધારણ અને ચૂંટણી કાનૂનોમાં પણ થોડાં સંશોધન કરવાં પડશે. સરકારે કાયદા પંચને આ મુદ્દાની મીમાંસા કરવાનો અનુરોધ કર્યો છે. પંચ ૧૯૯૯માં પહેલાં જ તેના પક્ષમાં સહમતિ વ્યક્ત કરી ચૂક્યું છે. ભલે કાયદા પંચની પ્રતિક્રિયાની નવેસરથી પ્રતીક્ષા થાય, પરંતુ તેમાં શંકા નહીં કે રાષ્ટ્રહિતમાં એક સાથે ચૂંટણીનો નિર્ણય વિચારણીય અવશ્ય છે. કમ સે કમ તેના ત્રણ મુખ્ય કારણ છે. સૌથી પહેલાં તો દર વર્ષે દેશમાં ક્યાંકને ક્યાંક થનારી ચૂંટણીથી મુક્તિ મળશે. બીજું, ચૂંટણીઓને કારણે વિકાસ કાર્યો વારંવાર અટકશે નહીં. ત્રીજું, તેનાથી ચૂંટણી ખર્ચ ઘટવાની સાથે જ ચૂંટણીઓમાં કાળા નાણાંનો પ્રભાવ પણ ઘટશે.

સ્વતંત્ર બાદ દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી પાંચ વર્ષના અંતરાલ પર એક સાથે થતી હતી. ૧૯૫૨માં શરૂ થયેલ આ સિલસિલો ૧૯૫૭, ૧૯૬૨ અને ૧૯૬૭ સુધી ચાલતો રહ્યો. સમયાંતરે કેન્દ્રની કોંગ્રેસ સરકારે રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવા માટે મનમાફક રીતે અનુચ્છેદ ૩૫૬નો ઉપયોગ કર્યો અને પોતાની સુવિધાથી જ હટાવ્યો. તેનાથી કેટલાક રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓનું ચક્ર બગડી ગયું. જોકે એક સાથે ચૂંટણી મામલે પૂર્ણ ગતિરોધ ૧૯૭૧માં આવ્યો, જ્યારે ઈન્દિરા ગાંધીએ કોંગ્રેસમાં વિભાજન બાદ નવો જનાદેશ પ્રાપ્ત કરવા માટે સામાન્ય ચૂંટણીનો નિર્ણય કર્યો. વિધાનસભા ચૂંટણી ૧૯૭૨માં થઈ. ત્યારબાદ ક્યારેય બંને ચૂંટણીઓ સાથે ન થઈ શકી.

એક સાથે ચૂંટણી વિચાર ફરીથી ચર્ચાના કેન્દ્રમાં છે. ગવર્નન્સનું સ્તર સુધારવા અને દેશને વારંવાર ચૂંટણી ચક્રમાંથી મુક્ત અપાવવા માટે વડાપ્રધાન મોદીએ તેની જરૂરિયાત રેખાંકિત કરી છે. આ વિચારે ૨૦૧૭માં ફરીથી ઝડપ પકડી, જ્યારે ચૂંટણી પંચે કહ્યું કે તેની પાસે એક સાથે ચૂંટણી કરાવવા માટે જરૂરી બુનિયાદી માળખું અને સંસાધનો ઉપલબ્ધ છે. લોકસભા અને વિધાનસભા ચૂંટણી કઈ રીતે ગવર્નન્સને પ્રભાવિત કરે છે, તેનું એક ઉદાહરણ જોઈએ. કર્ણાટકમાં ૧૯૮૩માં વિધાનસભા ચૂંટણીમાં રામકૃષ્ણ હેગડેના નેતૃત્વમાં જનતા પાર્ટી-કર્ણાટક ક્રાંતિ રંગા ગઠબંધને કોંગ્રેસને હરાવીને સત્તા મેળવી. તેના બીજા વર્ષે ઈન્દિરા ગાંધીની હત્યા બાદ થયલે લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે રાજ્યમાં સત્તારૂઢ ગઠબંધનને હરાવી દીધું. હેગડેએ એ પરિણાને પોતાની પાર્ટી વિરુદ્ઘ જનાદેશ રૂપે લઈને રાજ્યપાલને નવી ચૂંટણી કરાવવાનું કહ્યું. વિધાનસભા માટે ચૂંટણી સાત મહિના બાદ થઈ, પરંતુ એ દરમ્યાન રાજકીય અસ્થિરતા રહી, જેનાથી શાસન-સંચાલન પ્રભાવિત થયું. દેશમાં એવાં કેટલાંય ઉદાહરણ છે, જ્યાં લોકસભામાં જનાદેશ વિપરીત આવતાં રાજ્યમાં સત્તારૂઢ પક્ષ ખુદને લઈને અનિશ્ચિત થયો છે. તેનાથી શાસનમાં ગતિરોધની સ્થિતિ પેદા થાય છે.

કાયદા પંચે ૧૯૯૯માં પોતાના ૧૭૦ પાનાંના રિપોર્ટમાં આ મુદ્દાની ગહનતાથી તપાસ કરી અને પરજોર રીતે એક સાથે ચૂંટણી કરાવવાની તરફદારી કરી. જોકે તેણે એ પણ સ્વીકાર કર્યો કે વિભિન્ન વિધાનસભાઓના કાર્યકાળ ચક્રને જોતાં તેને એકાએક અમલમાં ન લાવી શકાય. તેણે એ તમામ વિધાનસભા ચૂંટણીઓને એક સાથે જોડવાનું સૂચન કર્યું, જે આગામી ૧ ૨ મહિનામાં પ્રસ્તાવિત હોય. આયોગે કહ્યું કે જો તમામ રાજકીય પક્ષો સહયોગ કરે તો એવાં પગલાં ભરી શકાય છે, જેમાં કોઈ પાર્ટીના હિતો પર આઘાત ન થાય. પંચે ત્યાં સુધી કહ્યું કે જો ચૂંટણીઓને એક સાથએ કરાવવાની દૃષ્ટિએ જો જરૂર પડે તો કેટલાક રાજ્ય વિધાનસભાઓના કાર્યકાળમાં લગભગ છ મહિનાના સમાયોજનનું બંધારણીય સંશોધન પણ કરાવી શકાય છે. જ્યારે આ મતલબનો પ્રસ્તાવ પહેલી વાર ચર્ચામાં આવ્યો તો કેટલાક વર્તુળોમાં તેના પર ભારે હંગામો થયો.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

### સરકારની વોલ્વો બસમાં મહાકુંભમાં ગયેલા ગુજરાતીઓ સુરક્ષિત

# હાલ અમદાવાદથી પ્રયાગરાજના રૂટો યથાવત : બસનું ૩૦ દિવસનું બુકીંગ ફુલ

અમદાવાદ,તા.૨૯

પ્રયાગરાજમાં કુંભમેળામાં ગુજરાતના યાત્રીઓ સફળતાથી પ્રયાગરાજમાં કુંભમેળા સ્થળે પહોંચી શકે તે માટે જીએસઆરટીસીની વોલ્વો બસની ખાસ વ્યવસ્થા કરાઈ હતી, જેને લીલીઝંડી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આપી હતી. ગુજરાત સરકારની એસટી વોલ્વો બસોમાં પ્રયાગરાજ કુંભમેળામાં ગયેલા ગુજરાતના સુરક્ષિત હોવાનું જણાવવામાં આવ્યું છે. જીએસઆરટીસીના અધિકારીએ આ વિગત જણાવી હતી.

ઉલ્લેખનીય છે કે, પ્રયાગરાજમાં મહાકુંભમાં ગુજરાતના યાત્રાળુઓ આરામથી જઈ શકે તે માટે જીએસઆરટીસી દ્વારા ખાસ વોલ્વો બસની વ્યવસ્થા કરાઈ હતી. આ વોલ્વો બસના મહિનાનું બુકીંગ ફુલ થઈ ગયું છે.

આ વોલ્વો બસનું ભાડુ પણ ૮૧૦૦ આવક-જાવકનું રખાયુ છે. ગઈકાલે રાત્રે બે વાગ્યે મૌની અમાસ






દરમિયાન શ્રદ્ધાળુઓમાં નાશ-ભાગ મચી હતી. જેમાં ૨૦થી વધુ શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા ત્યારે ગુજરાતથી સરકારની વોલ્વો બસમાં પ્રયાગરાજમાં ગયેલા શ્રદ્ધાળુઓ સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે.

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં ડૂબકી લગાવવા અમદાવાદથી જીએસઆરટીસીની વોલ્વો બસમાં ગુજરાતી શ્રદ્ધાળુઓ પણ પહોંચ્યા છે. મહાકુંભમાં ગયેલા તમામ ગુજરાતીઓ સલામત હોવાની વાત સામે આવી છે. મહાકુંભમાં ભાગદોડ બાદ સ્થિતિ સામાન્ય બની ગઈ છે.સરકારી વોલ્વોમાં કુંભમાં ગયેલા ગુજરાતીઓ સુરક્ષિત છે તેમને કોઈ તકલીફ પડી નથી. ૨૭મી ફેબ્રુઆરીએ નીકળેલી પહેલી બસ સવારે ૫ કલાકે પહોંચી ગઈ છે. ૪જીઈ૬ઝ વિભાગ ત્યાંની પરિસ્થિતિ મુજબ વ્યવસ્થા કરશે,સાથે સાથે વધુ ભીડ હોય તો બસના યાત્રિઓને હોલ્ટ કરાશે તેમજ હાલ ગુજરાતથી જતી GSRTC ની બસના રૂટ યથાવત છે.

અમદાવાદના ગીતામંદિરના ડેપો મેનેજર બંને વોલ્વો બસ સાથે પ્રયાગમાં હાજર છે. તેમણે તમામ ગુજરાતી પ્રવાસીઓ સુરક્ષિત હોવાની પુષ્ટિ કરી હતી. ઉપરાંત ગીતામંદિરથી ઉપડેલી વોલ્વો બસના તમામ મુસાફરો સંગમ ઘાટ પર હોવાની માહિતી આપી હતી.

મુંબઈ સમાચારે ૪જીઈ૬ઝ ના પરિવહન અધિકારી હિમાંશુ જોશી એ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીએ જે બે બસોને લીલી ઝંડી આપીને રવાના કરી હતી તે બંને બસોના પ્રવાસીઓએ સંગમ પર સ્નાન કરી લીધું છે અને સુરક્ષિત છે.

ગીતામંદિરથી ત્રીજી બસ જે ઉપડેલી હતી તે પણ પ્રયાગરાજ તરફ પ્રયાણ કરી રહી છે અને રસ્તામાં છે. આ ઉપરાંત આજે અન્ય એક બસ પણ ઉપડવાની છે. તમામ મુસાફરો માટે ગુજરાત ટુરીઝમ દ્વારા અને ગુજરાત એસટી દ્વારા સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવેલી છે, યાત્રાળુઓ ખૂબ જ સુખ શાંતિથી પ્રવાસ કરી રહ્યા છે.

# તુવેર પાકની ટેકાનાં ભાવે ખરીદી કરવા રાજય સરકારનો નિર્ણય : રાજયમાં ખરીદી માટે ૨૦૬ કેન્દ્રો સુચિત કરાયા

ગાંધીનગર,તા.૨૯

તુવેર પાકની ટેકાના ભાવે ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતના ખેડૂતોને પોતાના ઉત્પાદિત પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા શુભ આશયથી કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં આગામી સમયમાં તુવેર પાકની ટેકાના ભાવે ખરીદી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. ટેકાના ભાવે તુવેરનું વેચાણ કરવા ઈચ્છુક ખેડૂતોએ આગામી તા. ૩ થી ૨૦ ફેબ્રુઆરી-૨૦૨૫ સુધીમાં ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે.

ખેડૂતો ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ



કેન્દ્રો ખાતેથી ફઝઈ મારફતે નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર વિનામૂલ્યે નોંધણી કરાવી શકશે. રાજ્યમાં તુવેર પાકના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ખરીદી માટે કુલ ૨૦૬ ખરીદ કેન્દ્રો સૂચિત કરવામાં આવ્યા છે.કૃષિ મંત્રી રાઘવજી પટેલે ખાતરી આપી છે કે, ખેડૂતો પાસેથી તુવેર પાકની પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે.

ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા તમામ આગોતરૂ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. રાજ્યમાં તુવેર પકવતાં ખેડૂતોને ખરીદીનો મહત્તમ લાભ લેવા માટે પણ કૃષિ મંત્રીએ અનુરોધ કર્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન હેઠળ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે વિવિધ પાકોની ખરીદી કરવામાં આવે છે. આ વર્ષે તુવેર પાકનું વાવેતર થાય તે પહેલા જ તુવેર માટે રૂ.૭૫૫૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતો, જેથી ખેડૂતો નિશ્ચિંત થઈને તુવેર સહિતના પાકોનું મબલખ વાવેતર કરી શકે.

### બાયોલોજીકલ પિતાના ડીએનએ ટેસ્ટની યુવકની માંગ સુપ્રિમે ઠુકરાવી

# સુપ્રિમ કોર્ટનો મહત્વનો ચુકાદો : પતિ સાથે રહેતી પત્નીના અન્યો સાથે સંબંધ હોય તો જન્મેલુ બાળક પતિનું જ ગણાય

નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટે છેલ્લા બે દસકાથી ચાલી રહેલા એક કેસમાં અંતિમ ચુકાદો આપ્યો હતો. આ કેસ ડીએનએ ટેસ્ટ ના કરાવવા માગતા એક પુરુષની પ્રાઈવસીનો અધિકાર અને ટેસ્ટની માગ કરી રહેલાના ભરણપોષણ અને તેના મૂળ પિતા કોણ છે તે જાણવાના એક પુત્રના અધિકારો વચ્ચેનો હતો.

સુપ્રીમ કોર્ટે પ્રાઈવસીના અધિકારને ધ્યાનમાં રાખીને અંતે પુત્રની માગ ઠુકરાવી હતી. સુપ્રીમે પ્રાઈવસી, મહિલાનો અને પુત્રનો અધિકાર એમ ત્રણેય મુદ્દાને ધ્યાનમાં રાખી ચુકાદો આપ્યો હતો.

મહિલાના લગ્ન ૧૯૮૯માં થયા હતા, ૧૯૯૧માં એક બાળકીનો જન્મ થયો જે બાદ ૨૦૦૧માં એક બાળકનો જન્મ થયો હતો. ૨૦૦૩માં મહિલા પતિથી અલગ થઈ ગઈ, બાદમાં વર્ષ ૨૦૦૬માં બન્ને વચ્ચે છૂટાછેડા થઈ ગયા.

આ દરમિયાન મહિલાએ નગર પાલિકામાં અરજી કરી અને પોતાના ૨૦૦૧માં જન્મેલા બાળકના પિતાનું નામ બદલવા માગ કરી અને દાવો કર્યો કે તેના મૂળ પિતા કોઈ અન્ય પુરુષ છે. જોકે પાલિકાએ અરજી ઠુકરાવી દીધી. બાદમાં સ્થાનિક કોર્ટમાં અપીલ કરાઈ, કોર્ટે બાયોલોજિકલ પિતાનો ડીએનએ ટેસ્ટ કરાવવા આદેશ આપ્યો, જેને બાયોલોજિકલ પિતાએ હાઈકોર્ટમાં પડકાર્યો.

હાઈકોર્ટે પ્રાઈવસીના અધિકારને માન્ય રાખીને ડીએનએ



ટેસ્ટ ના પાડી દીધી. સાથે જ કહ્યું કે પેટરનિટી ટેસ્ટનો આદેશ ત્યારે જ આપી શકાય જ્યારે એ સાબિત થાય કે પતિ-પત્ની વચ્ચે કોઈ સંપર્ક નહોતો. તેથી હાઈકોર્ટના ચુકાદાને બાદમાં પુત્ર દ્વારા સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો. જોકે સુપ્રીમ કોર્ટે પણ હાઈકોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો હતો.સુપ્રીમમાં યુવકે દલીલ કરી હતી કે તેના મૂળ પિતા કોણ છે તે જાણવા ડીએનએ ટેસ્ટ જરૂરી છે, આ મારો અધિકાર છે. જોકે જેનો ડીએનએ ટેસ્ટ કરાવવાની માગ થઈ હતી તેણે પુત્રની આ માગનો વિરોધ કર્યો હતો અને દાવો કર્યો હતો કે ડીએનએ ટેસ્ટથી મારી પ્રાઈવેસીનો ભંગ થશે.

સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે જ્યારે પુત્રનો જન્મ થયો ત્યારે મહિલા પોતાના પતિ સાથે એક ઘરમાં રહેતી હતી, આ દરમિયાન અન્ય કોઈ પુરુષ સાથે સંબંધથી પણ જો કોઈ બાળકનો જન્મ થાય તો તેવુ ના માની લેવાય કે મહિલા અને તેના પતિ વચ્ચે કોઈ સંબંધ નહોતો.એવુ માની પણ લઈએ કે મહિલા લગ્નેત્તર સંબંધમાં હતી અને તેનાથી જ બાળકનો જન્મ થયો તો પણ આ દલીલ પૂર્ણ નથી. કોઈ એક કે તેથી વધુ સાથે સંપર્ક હોવાથી સાબિત નથી થતું કે મહિલાનો તેના પતિ સાથે કોઈ સંબંધ નહોતો.તેથી યુવકને તેના કાયદેસર પિતાનો જ પુત્ર માનવામાં આવે. આ મામલામાં મહિલાની શાખ, ડીએનએ ટેસ્ટ ના કરાવવાનો પ્રાઈવેસીનો અધિકાર વગેરેને ધ્યાનમાં રાખીને સુપ્રીમે આ ચુકાદો આપ્યો હતો.

## ભાભર તાલુકામાં આજે બંધનું એલાન, મહારેલીનું આયોજન; દિયોદર-ઓગડ જિલ્લા મુદ્દે વિરોધ

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૯

બનાસકાંઠા જિલ્લાના વિભાજનને લઈને વિરોધનો દોર વધી રહ્યો છે.

ધાનેરા, કાંકરેજ અને દિયોદર બાદ હવે ભાભર તાલુકામાં પણ જોરદાર વિરોધ પ્રદર્શનની તૈયારીઓ થઈ રહી છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા પોસ્ટ મુજબ, આવતીકાલે ભાભર તાલુકામાં સંપૂર્ણ બંધનું એલાન કરવામાં આવ્યું છે અને મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે.




સ્થાનિક લોકોની માગણી છે કે જો દિયોદરને નવો ઓગડ જિલ્લો બનાવવામાં આવે તો ભાભર તાલુકો પણ તેમાં સમાવવામાં આવે અથવા તો ભાભરને બનાસકાંઠા જિલ્લામાં જ રાખવામાં આવે.

આ માગણીઓને લઈને આવતીકાલે મોટી સંખ્યામાં લોકો મહારેલીમાં જોડાશે તેવી શક્યતા છે.જિલ્લા વિભાજનના મુદ્દે છેલ્લા કેટલાક દિવસોથી વિવિધ તાલુકાઓમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે, જે દર્શાવે છે કે સ્થાનિક લોકો અને રાજકીય નેતાઓ આ નિર્ણયથી નારાજ છે.

આ વિરોધ પ્રદર્શનો શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર સતર્ક બન્યું છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

**વૃષભ (બ,વ,ઉ) :** દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીથુન (ક,છ,ઘ) :** અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઇ શકે છે.

**કર્ક (ડ,હ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**સિંહ (મ,ટ) :** પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**કન્યા (પ,ઠ,ણ) :** વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

**તુલા (ર,ત) :** સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

**વૃશ્ચિક (ન,ય) :** જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**મકર (ખ,જ) :** આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

**કુંભ (ગ,શ,સ) :** વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :** નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.



## ફિલ્મી ગપશપ

### વિકી કૌશલ અભિનિત ફિલ્મ છાવાના દિગ્દર્શકે વિવાદને કારણે ડાન્સ સીન્સ ડિલીટ કર્યો

## રાજ ઠાકરે સાથેની મુલાકાત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો : દિગ્દર્શકે કહ્યું કે મરાઠા રાજાનાં વારસાથી મોટું કંઈ નથી

મુંબઈ : છાવાના દિગ્દર્શક લક્ષ્મણ ઉતેકરે આજે પુષ્ટિ કરી હતી કે આ ફિલ્મમાં સંભાજી મહારાજ તેમની પત્ની મહારાણી યેસુબાઈ સાથે લેઝિમ ડાન્સનો સીન ડીલીટ કર્યો છે. એમએનએસ પ્રમુખ રાજ ઠાકરે સાથેની મુલાકાત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. એક સત્તાવાર નિવેદનમાં, ઉતેકરે કહ્યું કે તે માત્ર એક નૃત્ય ક્રમની બાબત છે અને મરાઠા રાજાનાં વારસાથી મોટું કંઈ નથી. છાવા સ્ટાર્સ એક્ટર વિકી કૌશલ પ્રખ્યાત મરાઠા યોદ્ધાની ભૂમિકા ભજવી રહ્યો છે.

ફિલ્મનું ટ્રેલર ગયાં અઠવાડિયે મુંબઈમાં રિલીઝ કરવામાં આવ્યું હતું. ડિરેકટરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ×હું રાજ ઠાકરેને મળ્યો છું. તેઓ એક ઉત્સુક વાચક અને અભ્યાસી વ્યક્તિ છે. તેથી મેં તેમની પાસેથી કેટલાક સૂચનો અને માર્ગદર્શનો લીધાં છે. અને હું કહી શકું છું કે, તેમનાં શબ્દો મારા માટે ખૂબ જ ઉપયોગી થયાં છે. અને તેમને મળ્યાં પછી મેં તે સીન કાઢી નાખવાનો નિર્ણય કર્યો છે. તે દ્રશ્યો જ્યાં અમે સંભાજી મહારાજને લેઝિમ ડાન્સ રમતાં દર્શાવ્યા છે તેને અમે ફિલ્મમાંથી ડીલીટ કર્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે વિકી અને રશ્મિકા મંદન્નાનો ડાન્સ સિક્વન્સને ફિલ્મમાંથી કાઢી નાખવામાં આવશે. 'લેઝીમ ડાન્સ એ કોઈ મોટી વાત નથી. સંભાજી મહારાજ તે લેઝીમ ડાન્સ કરતાં ઘણાં મોટા છે. તેથી અમે તે દ્રશ્યો ફિલ્મમાંથી હટાવવા જઈ રહ્યાં છીએ.

છાવા એ જ નામનાં લેખક શિવાજી સાવંતના પુસ્તક પર આધારિત છે. આ ફિલ્મ સંભાજી મહારાજની બહાદુરી અને તેઓ છત્રપતિ બન્યાં પછીનાં તેમનાં શાસનની વાર્તા પર પ્રકાશ પાડે છે. ઉતેકરે શેર કર્યું કે તેઓએ ફિલ્મમાં સંભાજીની કલ્પના ૨૦ વર્ષના છોકરા તરીકે કરી હતી. દિગ્દર્શકે વધુમાં મહારાષ્ટ્રનાં કેટલાક મંત્રીઓની ચિંતાઓને સ્વીકારી, ઈતિહાસકારોને તેની રિલીઝ પહેલાં ફિલ્મ જોવાનો આગ્રહ કર્યો. ઉતેકરે કહ્યું કે ×અમે ૨૯મી જાન્યુઆરીએ એક ખાસ પ્રીમિયર શોનું આયોજન કર્યું છે. કેટલાક ઈતિહાસકારો અને ઈતિહાસનો અભ્યાસ કરતાં લોકો આ ફિલ્મ જોશે અને અમે તેમનું માર્ગદર્શન લઈશું.'

અગાઉ, રાજ્યસભાના સાંસદ સંભજીરાજે છત્રપતિ, જેઓ છત્રપતિ શિવાજી મહારાજનાં વંશજ પણ છે, તેમણે સૂચન કર્યું હતું કે નિર્માતાઓએ ઈતિહાસકારોને તેમની ફિલ્મ તેની રિલીઝ પહેલાં જોવાની ફરજ પાડવી જોઈએ. તેમણે કહ્યું કે હું તેની રિલીઝ પહેલાં આખી ફિલ્મ જોવા માંગુ છું. મેં તેમને અચોક્કસતાઓને દૂર કરવા માટે ઈતિહાસકારો સાથે જોડવાની પણ ઓફર કરી હતી જેથી કરીને આ મહત્વપૂર્ણ વાર્તા વિશ્વભરનાં પ્રેક્ષકો સમક્ષ અધિકૃત રીતે રજૂ કરવામાં આવે.મહારાષ્ટ્રનાં મંત્રી ઉદય સામંતે પણ ડાન્સ સિક્વન્સ સામે વાંધો ઉઠાવ્યો હતો અને છાવાની રિલીઝ સામે એક્સ પર એક નોંધ શેર કરી હતી. તેમણે લખ્યું છે કે, ×આ આનંદની વાત છે કે ધર્મનાં રક્ષક અને સ્વતંત્રતાના રક્ષક છત્રપતિ સંભાજી મહારાજનાં જીવન પર આધારિત હિન્દી ફિલ્મ બની રહી છે. વિશ્વને છત્રપતિનો ઈતિહાસ સમજાય તે માટે આવા પ્રયાસો જરૂરી છે. જો કે, આ ફિલ્મમાં કેટલાક વાંધાજનક દ્રશ્યો હોવાનો અમારો મત છે કે આ ફિલ્મને નિષ્ણાતો અને જાણકાર લોકોને બતાવ્યા વિના રિલીઝ ન કરવી જોઈએ.'

તે દરમિયાન, દિગ્દર્શકે તેમનાં નિવેદનમાં પુષ્ટિ કરી હતી કે ફિલ્મ શેડ્યૂલ મુજબ સ્ક્રીન પર આવશે. છાવા, જેમાં અક્ષય ખન્ના, આશુતોષ રાણા, ડાયના પેન્ટી અને દિવ્યા દત્તા પણ છે જે ૧૪ ફેબ્રુઆરીએ રિલીઝ થઈ રહી છે.

# એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડે મલ્ટી એસેટ એલોકેશન ફંડ લોન્ચ કર્યું



(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૯

ભારતમાં પ્રતિષ્ઠિત ફંડ હાઉસીસ પૈકીના એક એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડે ઈક્વિટી, ડેટ અને ગલ્ડમાં રોકાણ કરતી ઓપન એન્ડેડ સ્કીમ એલઆઈસી એમએફ મલ્ટી એસેટ એલોકેશન ફંડ લોન્ચ કર્યું છે.ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ખુલી ગયો છે અને ૦૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બંધ થશે. આ સ્કીમનો રોકાણ હેતુ ઈક્વિટી તથા ઈક્વિટી સંબંધિત ઈન્સ્ટ્રૂમેન્ટ્સ, ડેટ અને મની માર્કેટ ઈન્સ્ટ્રૂમેન્ટ્સ તેમજ ગોલ્ડ એકસચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ)ના યુનિટ્સના ડાયવર્સિફાઇડ પોર્ટફોલિયોમાં રોકાણ કરીને લાંબા ગાળે મૂડીમાં વધારો કરવાનું છે.આ સ્કીમનું બેન્ચમાર્ક ૬૫ ટકા નિફ્ટી ૫૦૦ ટીઆરઆઈ, ૨૫ ટકા નિફ્ટી કમ્પોઝિટ ડેટ ઈન્ડેક્સ અને ૧૦ ટકા સ્થાનિક સોનાની કિંમતનું મિશ્રણ છે. શ્રી નિખિલ રુંગટા, શ્રી સુમિત ભટનાગર અને શ્રી પ્રતિક શ્રોફ આ સ્કીમના ફંડ મેનેજર રહેશે. આ સ્કીમ ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સતત વેચાણ અને પુનઃખરીદી માટે ફરીથી ખૂલશે.

આ એનએફઓ અંગે એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડ એસેટ મેનેજમેન્ટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી આર કે ઝાએ જણાવ્યું હતું કે મલ્ટી એસેટ એલોકેશન ફંડ્સ આજકાલ ખૂબ લોકપ્રિય થઈ રહ્યા છે કારણ કે તે કોન્સન્ટ્રેશન રિસ્ક ઘટાડે છે અને એસેટ્સના વધુ સારા ડાયવર્સિફિકેશન સુનિશ્ચિત કરે છે. હાઈબ્રિડ મ્યુચ્યુઅલ ફંડ્સે ૨૦૨૪માં એસેટ અંડર મેનેજમેન્ટમાં ૨૭ટકાનો વધારો જોયો છે જે જાન્યુઆરી ૨૦૨૪માં રૂ. ૬.૯૦ લાખ કરોડથી વધીને નવેમ્બર, ૨૦૨૪માં રૂ. ૮.૭૭ લાખ કરોડે પહોંચ્યા હતા એમ એસોસિયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એએમએફઆઈ) દ્વારા જાહેર કરાયેલા ડેટામાં જણાવાયું હતું. નોંધનીય છે કે મલ્ટી એસેટ એલોકેશન ફંડ્સે હાઈબ્રિડ કેટેગરી હેઠળ એયુએમમાં નોંધપાત્ર વૃદ્ધિ જોઈ છે. હાલ આ હાઈબ્રિડ ફંડ્સ તરફ રોકાણકારોનો સ્પષ્ટ ઝુકાવ દર્શાવે છે અને અમારું નવું ફંડ તેમના હિતોને પોષવા માટે યોગ્ય સ્થિતિમાં છે.જયારે એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડ એસેટ મેનેજમેન્ટ લિમિટેડના કો-ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર-ઈક્વિટી શ્રી નિખિલ રુંગટાએ જણાવ્યું હતું કે મલ્ટી એસેટ એલોકેશન ફંડ એ કોમોડિટીઝની સ્થિતિસ્થાપકતા અને ડેટની આવક મેળવવા સાથે ગ્રોથ માટે ઈક્વિટીઝની શક્તિનું મિશ્રણ કરે છે. તે અસ્થિર સમય દરમિયાન તકોને મહત્તમ કરવા માટે સંતુલિત માર્ગ પૂરો પાડે છે. એક જ સાથે ત્રણેય એસેટ ક્લાસમાં રોકાણ કરવા માંગતા અને પ્યોર ઈક્વિટી સ્કીમના બદલે ઓછી અસ્થિરતા ધરાવતી પ્રોડક્ટ ઈચ્છતા રોકાણકારો આ પ્રોડક્ટમાં રોકાણ કરી શકે છે. સ્પષ્ટ છે કે બજારનું લાંબા ગાળાનું ભાવિ તેજીનું છે અને નવું ફંડ આ પ્રવાહનો લાભ લેવા માટે રોકાણકારો માટે તક પૂરી પાડે છે.

## ગુજરાતમાં મગફળીની ટેકાના ભાવે રેકોર્ડ બ્રેક ખરીદી

# ૨.૯૮ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ.૬, ૭૦૦ કરોડની ૧૦ લાખ મેટ્રીકટન મગફળી ખરીદાઈ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૯

ગુજરાતભરમાં અત્યારે મગફળી અને સોયાબીન સહિતના ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી પૂરવેગે ચાલી રહી છે. ભારત સરકાર દ્વારા ખરીફ પાકોનું વાવેતર થાય તે પહેલા જ ટેકાના ભાવ જાહેર કરાયા હતા. ટેકાના ભાવ બજાર ભાવથી વધુ હોવાથી ગુજરાતના ખેડૂતોએ મગફળી સહિતના ખરીફ પાકોનું પુષ્કળ વાવેતર અને ટેકાના ભાવે વેચાણ કર્યું છે. પરિણામે આ ખરીફ સીઝન દરમિયાન ગુજરાતમાં સરકાર દ્વારા મગફળીની અત્યાર સુધીની સૌથી રેકોર્ડબ્રેક ખરીદી કરવામાં આવી છે.



કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ અંગે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ વર્ષે મગફળી પાકનું કુલ ૧૮.૮૦ લાખથી વધુ હેકટરમાં રેકોર્ડબ્રેક વાવેતર થયું હતું, જે ગત વર્ષની સરખામણીએ ૨.૫ લાખ હેક્ટર વધુ હતું.

ગુજરાતના ખેડૂતોને તેમના મબલખ ઉત્પાદિત પાકોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠા ખાતેથી રાજ્યભરમાં ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવ્યો હતો.

ભારત સરકાર દ્વારા મગફળી માટે રૂ. ૬,૭૮૩ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૩૫૬.૬૦ પ્રતિ મણ) ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતા. જેથી મગફળી પાકના વેચાણ માટે રાજ્યના ૩.૭૨ લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા ૧૯૭ ખરીદ કેન્દ્રો ખાતેથી ૨.૯૮ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૬,૭૦૦ કરોડથી વધુના મૂલ્યની કુલ ૧૦ લાખ મેટ્રિક ટન જેટલી મગફળીની ખરીદી કરવામાં આવી છે.

જે પૈકી આશરે ૨.૩૨ લાખ ખેડૂતોને રૂ. ૫,૧૭૨ કરોડથી વધુનું ચૂકવણું પણ સીધું તેમના બેંક ખાતામાં કરી દેવામાં આવ્યું છે.

ભારત સરકારે સોયાબીન માટે રૂ. ૪,૮૯૨ પ્રતિ ક્વિન્ટલ (રૂ.૯૭૮.૪૦ પ્રતિ મણ) ટેકાનો ભાવ જાહેર કર્યો છે. જેના પરિણામે ટેકાના ભાવે સોયાબીનના વેચાણ માટે રાજ્યના કુલ ૨૪,૮૦૦થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી હતી.

## ભાજપના લેટરકાંડમાં કોંગ્રેસે ઝુંકાવ્યું : ભ્રષ્ટાચાર અને સત્તાની લડાઇ જવાબદાર - અમિત ચાવડા

# ભાજપમાં અસંતોષનો ઉકળતો ચરૂ : ભાગબટાઇને કારણે પત્રકાંડ થતાં હોવાનો કોંગ્રેસ નેતાનો આક્ષેપ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૯

ભાજપના જિલ્લા પ્રભારી ધવલ દવે સામે અનેકવિધ આક્ષેપો સાથેના નનામા લેટરથી આંતરીક ધમાસાણ સર્જાયું છે અને હવે તેમાં કોંગ્રેસે પણ ઝુંકાવ્યું છે.

ભાજપમાં સત્તા અને ભ્રષ્ટાચારની ભાગબટાઈની લડાઈમાં આવા પત્રકાંડ સર્જાતા હોવાનો આક્ષેપ કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ કર્યો છે.

રાજકોટની મુલાકાતે આવેલા કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ



ભાજપના લેટરકાંડ વિશેના સવાલના જવાબમાં પત્રકારોને જણાવ્યું હતું કે, પત્રકાંડ મારફત ભાજપમાં આંતરીક અસંતોષ બહાર આવી રહ્યો છે. આ સમગ્ર ઘટનાક્રમ પાછળ સત્તા અને ભ્રષ્ટાચારની ભાગબટાઈની લડાઈ જવાબદાર છે. અમરેલીના લેટરકાંડમાં કેવી રીતે સત્તાનો દુરપયોગ થાય છે તે સાબિત થઈ ગયું છે.

રાજકોટના કથિત લેટરકાંડમાં પણ પદ માટે પૈસા અને સત્તાના દુરપયોગના આક્ષેપ છે. ભાજપમાં જુથવાદનો ઉકળતો ચરુ બહાર આવી રહયો છે. પ્રદેશથી માંડીને ગામ સુધી અને બુથલેવલ સુધી જુથવાદ છે.

મોદીથી માંડીને સી.આર. પાટિલ અને વિજય રૂપાણીથી માંડીને ભુપેન્દ્ર પટેલ જેવા જુથોના નામ લેવામાં આવતા હોય છે. આ સમગ્ર ઘટનાક્રમ માટે ભ્રષ્ટાચારથી મેળવાતા નાણાં અને સત્તાની લડાય જ જવાબદાર છે. રાજકોટના લેટરની પણ ફોરેન્સીક તપાસ કરાવવામાં આવે તો સાચી હકીકત બહાર આવી શકે.


## જગતને રાજી કરવું મુશ્કેલ છે,પણ જે પરમાત્માને રાજી કરે છે તે જગતને રાજી કરે છે.

# ૭૭મા મહાત્મા ગાંધીના નિર્વાણ દિને અને પ્રીજા શાહી સ્નાનમાં દિવંગત આત્માને શ્રદ્ધા સુમન અર્પણ કરીએ



યશપાલસિંહ ટી.વાઘેલા

દરબાર ગઢ થરા



આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જગતમાં કેટલાક તો તમે એમને માટે ઘણું કરશો તો પણ તમારું ખરાબ બોલવાના જ એટલે જગતને અને જગતના લોકોને સાંભળવાની કદી ઈચ્છા રાખશો નહીં,નહીં તો દુ:ખી થશો. આ નિંદા પચાવી શકે તેમ નથી. સ્તુતિ પણ પચાવી શકે તેમ નથી.

આખા જગતને કોઈ રાજી કરી શક્યું નથી,તેમ કરવું કઠણ છે. એક સમયે એક બાપ-દીકરો વોડા ને લઈ જતા હતા.દીકરાએ કહ્યું કે,બાપા,તમે ઘોડા ઉપર બેસો, હું ચાલીશ.બાપ ઘોડા ઉપર બેઠો. આગળ જતાં રસ્તામાં કેટલાક માણસો મળ્યા. કહે, બાપ કેવો નિર્દય છે!નાનો છોકરો તાપ માં ચાલે છે અને પોતે ઘોડા ઉપર બેઠા છે. આ સાંભળી પિતાએ પુત્રને કહ્યું, બેટા, તું થોડા ઉપર બેસ, હવે હું ચાલીશ. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ છોકરો નિર્લજ્જ છે! જુવાનજોધ થઈ પોતે ઘોડા ઉપર બેઠો છે અને પોતાના બુઢ્ઢા બાપને ચલાવે છે! આ સાંભળી પિતા—પુત્ર બંને ઘોડા ઉપર સાથે બેઠા.આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ લોકો કેવા નિર્દય છે!બે પાડા જેવા આ બિચારા નાના ટટ્ટ ઉપર ચડી બેઠા છે.હવે બાપ-દીકરો બંને ટટ્ટ ઉપર થી નીચે ઊતરી ગયા. હવે તેઓ ઘોડાને દોરીને લઈ જતા હતા. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ લોકો કેવા મૂર્ખ છે?સાથે ઘોડો છે, પણ ચાલતા જાય છે. એક બેઠો તોય નિંદા,બે બેઠા તોય નિંદા! જગતમાં કેવું વર્તન રાખવું તે જ સમજ પડતી નથી.ત્યારેપરમાત્મા ને પ્રસન્ન કરવા એટલું કઠણ નથી. પરમાત્માને જે પ્રસન્ન કરી શકે તે જગતને પ્રસન્ન કરી શકે છે.કારણ ભગવાન જગતના ઉપાદાનકારણ છે.

રામચંદ્રજી કુટિલ સાથે પણસરળ વ્યવહાર કરે છે ત્યારે શ્રી કૃષ્ણ સરળ સાથે સરળ અને કુટિલ સાથે કુટિલ વ્યવહાર રાખે છે.

આ છે બંને અવતારોનો તફાવત. જગતને પણ રાજી કરી શક્યા નથી તો મનુષ્ય શું રાજી થવાનો હતો? સમાજને રાજા સુધારી શકે નહીં. સમાજને સંત સુધારી શકે. માટે જગતને ખુશ કરવાની વૃત્તિ છોડી ઈશ્વરને ખુશ કરો,પ્રસન્ન કરો.પ્રભુને પ્રસન્ન કરવાના ત્રણ માર્ગો નારદજીએ ચોથા સ્કંધમાં બતાવ્યા છે.સર્વ જીવો ઉપર ધંધા રાખવી,જે કાંઈ મળે તેનાથી સંતોષ માનવો અને ઈન્દ્રિયો ઉપર સંયમ કરવો.આથી ભગવાન તરત પ્રસન્ન થાય છે.આ ત્રણ ઉપાય જે કરે તેના ઉપર ભગવાન કૃપા કરે છે.નથી.ત્યારે વિષયો એવા છે કે, ન ભોગવવા છતાં તેનું ચિંતન માત્ર કરવાથી પણ મનુષ્યો મરે છે. ઝેર ખાવાથી જ મનુષ્ય મરે છે. તેનું ચિંતન કરવાથી કે ઝેર હાથમાં રાખવાથી મનુષ્ય માટે વિષયી વિષથી પણ બુરાં છે.એનો વિષ વત ત્યાગ કરવો ઘટે.

ધ્રુવનું દૃષ્ટાંત એ સ્પષ્ટ કરે છે કે, દેવો મંત્રાધીન છે.નામ સ્વતંત્ર છે. રૂપ સ્વતંત્ર છે,તેથી સંતો નામ સ્વરૂપને વધુ મહત્ત્વ આપે છે. નામ હોય ત્યાં રૂપને પ્રત્યક્ષ થવું જ પડે છે. હજાર શિક્ષક જે જ્ઞાન નથી આપી શકતા તે જ્ઞાન માતા બાળકને આપી શકે છે સુનીતી બાળકને તપ કરવા મોકલે છે. જ્યારે આજની માતા બાળકને રૂપિયા આપી સિનેમા જોવા મોકલે છે.બંનેને બાળક પર પ્રેમ છે, પણ સુનીતિનો પ્રેમ બાળકના અંતિમ કલ્યાણને નજરમાં રાખે છે, જ્યારે આજની માતા કેવળ પજવતો બંધ થાય એટલું જ ચાહે છે.જેને ભાઈમાં ભગવાન દેખાતા નથી એ ભગવાનની ભક્તિ કદી કરી શકતા નથી, અને કરે તો એમાં પણ એ ઈશ્વરને છેતરે છે.ભગવાનની પૂજા મંદિર માં થાય છે એવું નથી.ઈશ્વર તો સર્વવ્યાપક છે.એટલે પરમાત્માની પૂજા સર્વ ઠેકાણે થઈ શકે છે. કોઈપણ જીવને સુખ-સંતોષ આપો એ પણ પૂજા છે, કારણ કે દરેક જીવ ઈશ્વરનો જ અંશ છે. જીવ અને ઈશ્વર જુદા નથી. સત્તાથી તો જીવ એ ઈશ્વરનું જ પ્રતિબિંબ છે.સૂર્ય એક હોવા છતાં જેમ પાણીનાં જુદાં જુદાં પાત્રોમાં સૂર્યનાં અનેક પ્રતિબિંબ દેખાય છે, તેમ ચેતન પરમાત્માનાં પણ અનેક જીવમાં પ્રતિબિંબ પડે છે. જીવ ઈશ્વરમાં જે ભેદ છે એ ડાંગર અને ચોખા જેવો છે. ડાંગર અને ચોખામાં જેમ કોઈ ફેર નથી, એમ જીવ અને ઈશ્વરમાં પણ કંઈ ફેર નથી પણ ભાત ચોખાનો થાય છે, ડાંગરનો નથી થતો.ડાંગર થોડો ખંડાવા રૂપે માર ખાય છે ત્યારે એ ચોખ્ખો બને છે. એમ જીવ પણ તપ અને ભક્તિ કરે ત્યારે એ પરમાત્મા બને છે. માટે સર્વ શરીરમાં ચૈતન્યરૂપે ઈશ્વર જ રહેલો છે એમ માનીને સર્વને સુખ આપો એ પણ પૂજા છે.તમે કોઈ ને સુખ ન આપો તો કંઈ વાંધોનહીં પણ કોઈને દુ:ખ આપશો નહીં. પૂજા એ જ કરી શકશે જેનું હૃદય વિશાળ છે. જેની આંખમાં કામ અને પૈસો છે એ કઈ રીતે પરમાત્માની પૂજા કરી શકવાનો છે? ભિખારી ભીખ માગવા નથી આવતો પણ આપણને એ બોધ આપવા આવે છે કે,મેં ન આપ્યું તેથી મારી આવી દશા થઈ. તમે નહીં આપો તો તમારી પણ આવી દશા થશે.આમ ભિખારી પણ ગુરુ છે.એનામાં પણ ભગવદભાવ રાખો. જગતને રાજી કરવું મુશ્કેલ છે, પણ જે પરમાત્માને રાજી કરે છે તે જગતને રાજી કરે છે.વૃક્ષને લીલું રાખવા માટે પાંદડાં પર પાણી છાંટવાની જરૂર નથી, મૂળમાં પાણી છાંટવાની જરૂર છે. જગત એ વૃક્ષનાં પાંદડાં જેવું છે અને વૃક્ષનું મૂળ પરમાત્મા છે. એટલે જગતને રાજીરાખવાની વ્યર્થ ભાંજગડમાં પડશો નહીં. હું જ પુરંજન છું, એમ વિચારી આ લેખનું વારંવાર વાંચન ચિંતન કરજો.

વાચક ચાહક મિત્રો, સૌને જય માતાજી સુપ્રભાત આજે પૃથ્વી લોક પર એક જ માનવ જીવને જ એમ કહેવાય છે કે.. માનવી માનવ થાય તો ઘણું. બીજા કોઈ જીવને માનવે એવું નથી કહયું કે કૂતરા તું કૂતરો થાય તો ઘણું.. માનવીને આવું કેમ કહેવું પડે છે જરા વિચારો..

અને છેલ્લે આજે ૭૭મો મહાત્મા ગાંધીના નિર્વાણ દિને તેમની તે દિવસની કેટલીક ક્ષણોમાં શું

બન્યું તે જોઈએ કેવો વીત્યો હતો મહાત્મા ગાંધીનો એ અંતિમ દિવસ ૩૦ જાન્યુ.?

૩૦મી જાન્યુઆરી ૧૯૪૮(શુક્ર વાર)ની શરૂઆત એક સામાન્ય દિવસની જેમ થઈ. હંમેશાની જેમ મહાત્મા ગાંધી સવારે સાઢા ત્રણ વાગ્યે ઉઠ્યા પ્રાર્થના કરી. બે કલક પોતાના ડેસ્ટ પર કોંગ્રેસની નવી જવાબદારીઓના મુદ્દા પર કામ કર્યુ અને એ પહેલા કે બીજા લોકો ઉઠી જતા તેઓ છ વાગ્યે ફરી સૂવા જતા રહ્યા. કામ કરવા દરમિયાન તેઓ પોતાના સહયોગીઓ આભા અને મનુનુ બનાવેલ લીંબૂ અને મધનુ ગરમ પાણી અને ગળ્યુ લીંબુ પાણી પીતા રહ્યા. બીજીવાર સૂઈને તેઓ આઠ વાગ્યે ઉઠ્યા.

દિવસના છાપા પર નજર દોડાવી અને પછી બ્રજકૃષ્ણએ તેલથી તેમની માલિશ કરી. ન્હાયા પછી તેમણે બકરીનુ દૂધ, બાફેલા શાક, ટામેટા અને મૂળા ખાધા અને સંતરાનુ જ્યુસ પણ પીધુ. શહેરના બીજા ખૂણામાં જૂની દિલ્હી રેલવે સ્ટેશનના વેટિંગ રૂમમાં નાથૂરામ ગોડસે, નારાયણ આપ્ટે અને વિષ્ણુ કરકરે હજુ પણ ઉંઘી રહ્યા હતા.

ડરબનના તેમના જૂના મિત્ર રુસ્તમ સોરાબજી સપરિવાર ગાંધીને મળવા આવ્યા. ત્યારબાદ રોજની જેમ તેઓ દિલ્હીના મુસ્લિમ નેતાઓને મળ્યા. તેમને બોલ્યા, ×હુ તમારા લોકોની મંજુરી વગર વર્ધા નથી જઈ શકતો' ગાંધીજીના નિકટના સુધીર ઘોષ અને તેમના સચિવ પ્યારેલાલે નેહરુ અને પટેલ વચ્ચે મતભેદો પર લંડન ટાઈમ્સમાં છપાયેલ એક ટિપ્પણી પર તેમના વિચાર માંગ્યા.

જેના જવાબમાં ગાંધીજીએ કહ્યુ કે તેઓ આ મામલો પટેલ સામે ઉઠાવશે જે ચાર વાગ્યે તેમને મળવા આવી રહ્યા છે અને પછી તેઓ નેહરુ સાથે પણ વાત કરશે જેમની સાથે તેમની સાંજે સાત વાગ્યે મુલાકાત નક્કી થયેલ હતી.

બીજી બાજુ બિરલા હાઉસ માટે નીકળતા પહેલા નાથૂરામ ગોડસેએ કહ્યુ કે આજે તેમની ઈચ્છા મગફળી ખાવાની છે. આપ્ટે તેમના માટે મગફળી શોધવા નીકળ્યા પણ થોડી વાર પછી આવીને બોલ્યા - ×સમગ્ર દિલ્હીમાં ક્યાય પણ મગફળી નથી મળી રહી. શુ કાજુ કે બદામથી કામ ચાલશે?×

પણ ગોડસેને ફક્ત મગફળી જ જોઈતી હતી. આપ્ટે પછી બહાર નીકળ્યા અને આ વખતે તેઓ મગફળીનું મોટુ કવર લઈને આવ્યા. ગોડસે મગફળીઓ પર તૂટી પડ્યા. ત્યારે આપ્ટેએ કહ્યુ કે હવે નીકળવાનો સમય થઈ ગયો છે.

ચાર વાગ્યે વલ્લભભાઈ પટેલ પોતાની પુત્રી મનીબેન સાથે ગાંધીને મળવા પહોંચ્યા અને પ્રાર્થનાના સમય મતલબ સાંજે પાંચ વાગ્યા પછી સુધી મંત્રણા કરતા રહ્યા.

સવા ચાર વાગ્યે ગોડસે અને તેમના સાથીયોએ કનૉટ પ્લેસ માટે એક ઘોડાગાડી કરી. ત્યાંથી તેમણે પછી બીજી ઘોડાગાડી કરી અને બિરલા હાઉસથી બે ગજ પહેલા ઉતરી ગયા.

બીજી બાજુ પટેલ સાથે વાતચીત દરમિયાન ગાંધી ચરખો ચલાવતા રહ્યા અને આભા દ્વારા પીરસાયેલ સાંજનુ જમવાનુ બકરીનું દૂધ,કાચી ગાજર,બાફેલા શાક અને ત્રણ સંતરા ખાતા રહ્યા. આભાને ખબર હતી કે ગાંધી પ્રાર્થના સભામાં મોડેથી જવુ બિલકુલ પસંદ નથી કરતા. તે પરેશાન થઈ. પટેલને ટોકવાની તેમની હિંમત ન થઈ. કશુ પણ કહો પણ તે હતા તો ભાભરતના લોખંડી પુરૂષ. તેમની એ પણ હિંમત ન થઈ કે તે ગાંધીને યાદ અપાવે કે તેમને મોડુ થઈ રહ્યુ છે. શ્રદ્ધા સુમન અર્પણ કરીએ.સાથે ગઈકાલે મહા કુંભ સ્નાનમાં થયેલ દોડધામમાં દિવંગત આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના સહ અસ્તુ.

## રક્તપિત્તના દર્દીઓને વિનામૂલ્યે ૬,૨૩૪ માઇક્રો સેલ્યુલર રબર શુઝ તેમજ ૨,૩૦૧ અલ્સર કીટ અપાઈ

# રાજ્યભરમાં 'સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઇન તથા જન જાગૃતિ અભિયાન તા.૩૦ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે

**ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં ૧૦ હજારની વસ્તીએ પ્રિવેલન્સ રેટ ૦.૪૦ હાંસલ કરાયો**

**૧૨ હાઇ એન્ડેમીક જિલ્લાઓ પૈકી સાતમાં રક્તપિત્તનું પ્રમાણદર એક ટકા કરતા ઓછું**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯

નાગરિકોમાં રક્તપિત્ત અંગે વધુ જાગૃતિ લાવી તેની વિનામૂલ્યે સારવાર મળી રહે તે માટે ગુજરાતમાં અનેકવાર અભિયાન ચલાવવામાં આવી રહ્યાં છે. વિકસિત ભારત અભિયાન અંતર્ગત રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા તમામ જિલ્લાઓમાં ૩૦ જાન્યુઆરી 'ગાંધી નિર્વાણ દિવસ'-'એન્ટી લેપ્રસી ડે' નિમિત્તે તા. ૩૦ જાન્યુઆરી થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન 'સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઇન - જન જાગૃતિ અભિયાન યોજાશે તેમ, આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.

ભારત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા આ વર્ષે "ચાલો સૌ સાથે મળીને જાગૃતિ લાવીએ, ગેરસમજ દૂર કરીએ અને રક્તપિત્ત-ગ્રસ્ત વ્યક્તિ વણ શોધાયેલ ન રહે તે સુનિશ્ચિત કરીએ." નું સુત્ર આપવામાં આવ્યું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર, આ પખવાડિયા દરમિયાન રક્તપિત્ત વિશે નાગરીકોમાં વધુ જનજાગૃતિ લાવવા માટે કામગીરી હાથ ધરાશે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા વર્ષોથી રક્તપિત્તને નાથવા માટે અનેકવિધ પગલા હાથ ધરવામાં આવી રહ્યાં છે. જેના પરિણામે રાજ્યમાં પ્રિવેલન્સ રેટ




એક કરતાં ઓછો લાવવામાં સફળતા મળી છે એટલે કે, ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં ૧૦ હજારની વસ્તીએ પ્રિવેલન્સ રેટ ૦.૪૦ હાંસલ કરાયો છે.

આ ઉપરાંત ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં ૧૨ હાઈ એન્ડેમીક જિલ્લાઓ પૈકી ૭ જિલ્લાઓ ભરૂચ, દાહોદ, મહિસાગર, નવસારી, પંચમહાલ, સુરત અને વડોદરામાં રક્તપિત્તનું પ્રમાણદર એક ટકા કરતા ઓછું લાવવામાં પણ સફળતા મળી છે.

આરોગ્ય વિભાગ દ્વારા ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં જરૂરિયાતમંદ રકતપિત્તના દર્દીઓને વિનામૂ?યે ૬,૨૩૪ માઈક્રો સે?યુલર રબર શુઝ (એમ.સી.આર.), ૨૮ રીકન્સ્ટ્રીવ સર્જરી, ૨,૩૦૧ અલ્સર કીટ આપવામાં આવી છે. આમ આપણે સહિયારા પ્રયાસો થકી રક્તપિત્ત નાથી શકીશું.આ ઉપરાંત રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા રકતપિત્તના વણશોધાયેલ દર્દીઓ શોધવા લેપ્રસી કેસ ડીટેકસન કેમ્પેઈન, એકટીવ કેસ ડીટેકશન એન્ડ રેગ્યુલર સર્વે, સ્પર્શ લેપ્રસી અવેરનેશ કેમ્પેઈન, હાર્ડ ટુ રીચ એરીયા કેમ્પેઈન, દર માસે ત્રીજા શુક્રવારે સર્વે જેવી ખાસ ઝુંબેશ હાથ ધરીને સધન કામગીરી કરવામાં આવે છે. જેમાં જનરલ હેલ્થ સ્ટાફ અને આશાની ટીમો દ્વારા ઘરે-ઘરે તપાસ કરી રકતપિત્ત નવા દર્દી શોધીને ત્વરીત બહુ ઔષધિય સારવાર હેઠળ મુકી તેઓને રોગ મુકત કરવામા આવે છે તેમ વધુમાં જણાવાયું છે.

---

## સેવા ભાવી સંસ્થા માય ન્યુ ઈન્ડીયા ટ્રસ્ટ દ્વારા

# વિસનગર ખાતે સંકલ્પ પત્ર ભરવાની સ્પર્ધામાં છ હજાર બાળકોએ ભર્યા



(ગરવી તાકાત) વિસનગર તા.૨૯

વિસનગર શહેર ની સેવા ભાવી સંસ્થા માય ન્યૂ ઈન્ડીયા ટ્રસ્ટ દ્વારા છેલ્લા છ વર્ષથી ઉતરાયણ પર્વની સાથે સાથે જીવદયા પ્રેમીઓ માટે આકર્ષક યોજનાઓ અમલમાં મૂકી રહી છે. ત્યારે આ વર્ષ ની ઉતરાયણ પર્વ પહેલા શહેરના બાળકો માટે જીવલેણ ઘાતક એવી ચાઈનીઝ દોરી નહીં વાપરવા નો સંકલ્પ પત્ર ભરવાની હરિફાઈ ની પહેલ કરી હતી. જેમાં શહેર માં થી છ હજાર જેટલા બાળકો એ સંકલ્પ પત્રો ભર્યા હતા. જેના ડ્રો તથા ઈનામ વિતરણ કાર્યક્રમ શહેર ના હરિહર સેવા મંડળ ખાતે ૨૬ મી જાન્યુઆરી ના રોજ યોજાયો હતો. સાથે સાથે વિસનગર શહેર ના કરા ઓકે ગ્રુપ ઓફ વિસનગર દ્વારા દેશભક્તિ ગીતો ના રંગારંગ કાર્યક્રમ ની રમઝટ ઝામી હતી. જેમાં કાર્યક્રમ નુ સફળ અને સુંદર સંચાલન શ્રી રાજુભાઈ ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું કાર્યક્રમ ની શુભ શરૂઆત સૌ પ્રથમ પ્રાર્થના મહેશભાઈ દ્વારા કરવામાં આવી હતી.આ કાર્યક્રમ માં છ વર્ષ ની બેબી થી માંડીને છયાસી વર્ષ ના જયંતિભાઈ ખમાર જેવા વડીલે દેશભક્તિ ગીતો ના કાર્યક્રમ માં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. માય ન્યૂ ઈન્ડીયા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલો આ પ્રકલ્પ ગુજરાત માં સૌ પ્રથમ વખત શરૂ કરવામાં આવ્યો હતો જેમાં લગભગ ૪૦ જેટલી શાળાઓના બાળકો એ જીવદયા પ્રકલ્પ માં ભાગ લીધો હતો.જેમા સૌથી વધુ શહેર ની નુતન સર્વ વિધાલય ના વિધાર્થીઓ એ બાંહેધરી આપી હતી.આજ ના કાર્યક્રમ માં કુલ ૨૫૧ ઈનામો આપવામાં આવ્યા હતા આજ ના કાર્યક્રમ ની માહિતી શ્રી કમલેશભાઈ વૈધે અને કરા ઓકે ગ્રુપ ઓફ વિસનગર દ્વારા આપવામાં આવી હતી

---

## સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી સંદર્ભે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરાયુ

# પોસ્ટર ચોટાડવા, ચિત્ર લખવા, પ્રતિક ચિતરવા, ધ્વજ દંડ ઉભા કરવા, પતાકા લગાવવા, નોટીસો ચોંટાડવી તેમજ રોશની વગેરે ઉપર પ્રતિબંધ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯

રાજય ચુંટણી આયોગએ જાહેર કરેલ ચુંટણી કાર્યક્રમ મુજબ આગામી નગરપાલિકા સામાન્ય ચૂંટણીઓ-૨૦૨૫ અને જિલ્લા પંચાયત મતદાર મંડળ બેઠકની પેટા ચૂંટણી તથા તાલુકા પંચાયત મતદાર મંડળ બેઠકની પેટા ચૂંટણીઓ તા. ૧૬/૦૨/૨૦૨૫ ના રોજ યોજાનાર છે.ભારતના બંધારણના આર્ટીકલ-૩૨૪ થી ચૂંટણીઓ મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે યોજવા માટે સત્તા, ફરજો અને કાર્યો સુપ્રત કરવામાં આવેલા છે. મહેસાણા જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણીની પ્રક્રિયા મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરવાની થાય છે. વધુમાં, ભારતના ચુંટણી આયોગ ધ્વારા ચુંટણીના કાર્યક્રમની જાહેરાત થવાની સાથે ચુંટણીની આદર્શ આચાર સંહિતા લાગુ થાય છે. અને તેનો ચુસ્તતા પૂર્વક અમલ કરાવવાનો થાય છે. આથી, મહેસાણા જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ના થાય તે સારૂ મહેસાણા જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારમાં આવેલ જાહેર મકાનો, ખાનગી મકાનો, માર્ગ, સાઈન બોર્ડ



માઈલ પથ્થરો વિગેરેનો ચુંટણી પ્રચારના કામે નિરંકુશ ઉપયોગ કરી જે તે સ્થળની શોભા બગાડી સુરુચિ ભંગ થાય તેવી શક્યતા જણાય છે. રાજયના ચૂંટણી આયોગે પણ આ અંગે જરૂરી દિશા સુચનો જારી કરેલ છે. આ પ્રવૃતિ પર અંકુશ રહે તે હેતુ થી સાવચેતીના પગલાંની આવશ્યકતા જણાય છે.

તેથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી , જશવંત કે. જેગોડાએ ગુજરાત પોલીસ મહેસાણા અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (એફ) થી તેમને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારમાં (નગરપાલિકા ખેરાલુ, વડનગર અને ૨૬-મલેકપુર(ખે) જિલ્લા પંચાયત મતદાર મંડળ તથા ૬-ડભોડા-૨, ૭-ડાલીસણા, ૧૦-કુડા જુથ, ૯-મોલીપુર, ૧૪-કુકરવાડા-૧, ૬-જોટાણા-૨, ૧૧-મરતોલી, ૩-અગોલ, ૨૨-નાનીકડી તાલુકા પંચાયત મતદાર મંડળ) આ મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવેલ છે.

(૧) કોઈ ઉમેદવાર, સંગઠન/ સંસ્થા અથવા પક્ષ કે અનુયાયીઓ/ કાર્યકરો/સમર્થકો કે હમદર્દીએ ખાનગી મકાનના માલિકની લેખિત પૂર્વ મંજુરી વગર તેમજ જાહેર જગ્યાએ જમીન, મકાન, કંમ્પાઉન્ડની દિવાલોનો, વીજળીના થાંભલો ચૂંટણી પ્રચાર ઝુંબેશ દરમ્યાન પોસ્ટર ચોંટાડવા, ચિત્ર લખવા, પ્રતિક ચિતરવા, ધ્વજ દંડ ઉભા કરવા, પતાકા લગાવવા, નોટીસો ચોંટાડવી, રોશની કરવી વિગેરે માટે ઉપયોગ કરવો નહી તેમજ પોતાના અનુગામીઓને આવી છૂટ આપવી નહી.

(૨) કોઈ ઉમેદવાર/ સંગઠન/ સંસ્થા અથવા પક્ષ કે તેના અનુગામી / કાર્યકર સમર્થક કે હમદર્દ કોઈપણ પ્રકારની જાહેર મિલકતનો તથા ખાનગી મિલકતનો ચૂંટણી પ્રચાર દરમ્યાન જણાવેલ કાર્યો માટે ઉપયોગ કરી શકશે નહી.

જાહેર મિલકત એટલે જાહેર મકાનો, માર્ગો, મહત્વના ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવતા સાઈન બોર્ડ, ધોરી માર્ગ પર માઈલ પથ્થરો, રેલવે ફાટકના ચેતવણીના બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ, બસ ટર્મિનસ નામના બોર્ડ અથવા જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શિત કરેલ કોઈ અન્ય નોટીસ સાઈન બોર્ડનો સમાવેશ થશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર તેમજ તેમાં મદદગારી કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામું ચૂંટણી પ્રક્રિયા પુરી થવાની તા.૨૧/ ૦૨/૨૦૨૫ ૨૪:૦૦ કલાક સુધીના સમય માટે અમલમાં રહેશે એમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણાશ્રી જશવંત કે.જેગોડાએ ફરમાવેલ છે.

---

## બનાસકાંઠા જિલ્લાના પાલનપુર એસટી વિભાગમાં નોકરીની તક

# મિકેનિક ડીઝલ અને હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર માટે એપ્રેન્ટીસ ભરતી, ૧૫ ફેબ્રુઆરી સુધી અરજી કરી શકાશે




(ગરવી તાકાત) પાલનપુર તા.૨૯

ગુજરાત એસટી નિગમના પાલનપુર વિભાગે એપ્રેન્ટીસ એક્ટ ૧૯૬૧ હેઠળ મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. વિભાગમાં મિકેનિક ડીઝલ અને હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટરની જગ્યાઓ માટે એપ્રેન્ટીસ તાલીમાર્થીઓની ભરતી કરવામાં આવશે.

ઉમેદવારો માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ પાસ અને આઈટીઆઈ પાસ નિર્ધારિત કરવામાં આવી છે. ઈચ્છુક ઉમેદવારોએ સૌ પ્રથમ **www.apprenticeshipindia.gov** વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

રજિસ્ટ્રેશનની હાર્ડ કોપી સાથે જરૂરી દસ્તાવેજોમાં ન્ઝ, માર્કશીટ, આ?ટીઆ? સર્ટિફિકેટ, જાતિનું પ્રમાણપત્ર, પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ, બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓના ચારિત્ર્ય પ્રમાણપત્ર અને પાસપોર્ટ સાઈઝના ફોટા જમા કરાવવાના રહેશે.

અરજી સ્વીકારવાનો સમયગાળો ૪ ફેબ્રુઆરીથી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીનો છે. ઉમેદવારો સવારે ૧૧થી સાંજે ૪ વાગ્યા સુધી, જાહેર રજાના દિવસો સિવાય, પાલનપુર એસટી વિભાગીય કચેરી, એરોમા સર્કલ, જી.ડી.મોદી કોલેજ સામે આવેલી વહીવટી શાખામાં અરજી જમા કરાવી શકશે. નિર્ધારિત સમય બાદ રૂબરૂ, ટપાલ કે અન્ય કોઈપણ માધ્યમથી મળેલી અરજીઓ માન્ય ગણવામાં આવશે નહીં તેવું વિભાગીય નિયામક દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

---

## સાબરડેરી સંચાલિત સહકાર રથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું

# સાબરડેરીના સહકાર રથ દ્વારા દૂધ ઉત્પાદકોને પ્રોત્સાહન, 3 ટકા વ્યાજે ધિરાણની જાહેરાત



(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૯

હિંમતનગર સ્થિત સાબરડેરી ખાતે આજે એક મહત્વપૂર્ણ ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાબરડેરી સંચાલિત સહકાર રથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું, જે હિંમતનગર તાલુકાના વિવિધ ગામોમાં જઈને દૂધ ઉત્પાદકોને વધુ ઉત્પાદન માટે પ્રેરિત કરશે.

GCMMF અને સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પશુપાલકોને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પશુપાલકોને ખર્ચ ઘટાડવા અને સારી ઓલાદના વધુ દૂધ આપતા પશુઓ રાખવાની સલાહ આપી હતી. વિશેષમાં, ગાય અને ભેંસ ખરીદવા માટે માત્ર ૩ ટકા વ્યાજની વિશેષ ધિરાણ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં સાંસદ શોભનાબેન બારૈયા, ધારાસભ્ય વી.ડી.ઝાલા, અમૂલ ફેડરેશનના વાઈસ ચેરમેન ઋતુરાજભાઈ પટેલ, નિયામક મંડળના ડૉ. વિપુલ પટેલ અને MD સુભાષભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સાબરડેરી દ્વારા દૂધ મંડળીઓને શ્રેષ્ઠ ગુણવત્તાનું કરિયાણું, નમકીન, ઓર્ગેનિક ઉત્પાદનો અને ડેરી ઉત્પાદનોનું વેચાણ કરી આવક વધારવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાબરકાંઠા અને અરવલ્લી વિસ્તારના પશુપાલકો માટે દૂધનો વ્યવસાય મુખ્ય આજીવિકાનું સાધન બન્યો છે, જેને વધુ મજબૂત બનાવવા માટે આ પહેલ કરવામાં આવી છે.

---

# સંક્ષિપ્ત સમાચાર

## મહેસાણામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી દિવસે

### યોગકોચ રશ્મિકાબેન ચંદ્રકાન્તભાઈ પટેલ અને ટ્રેનર વિષ્ણુભાઈ પ્રજાપતિને સન્માનિત કરાયા




(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯

મહેસાણા જિલ્લા નીર૬ જાન્યુઆરી ઉજવણી પાંચોટ આવેલા સ્પોર્ટ સંકુલ માં કરવામાં આવી હતી આ પ્રસંગે રાજ્યના ઉદ્યોગ અને પ્રવાસન મંત્રી બળવંતસિંહ રાજપૂતે રાષ્ટ્રધ્વજ ને સલામી આપ્યા બાદયોગ કોચ નીસુંદર અને શ્રેષ્ઠકામગીરી કરવા બદલશ્રીમતી રશ્મિકાબેન ચંદ્રકાંતભાઈ પટેલ અને યોગટ્રેનર વિષ્ણુભાઈ પ્રજાપતિ ને એવોર્ડ સન્માન પત્ર પુરસ્કાર અર્પણ કર્યો હતો તે પ્રસંગનીતસવીરમાં મહેસાણા જિલ્લાના સાંસદ હરિભાઈ પટેલપટેલ મહેસાણા નાનાધારાસભ્ય મુકેશભાઈ પટેલ મહેસાણા જિલ્લા શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન મનુભાઈ ચોકસી જિલ્લા કલેકટર એમ નાગરાજ ન નજરે પડે છે યોગ ના જોન કોર્ડીનેટર અજીતભાઈ પટેલ ગૌતમભાઈ પ્રજાપતિ જે પી પટેલ ઈશ્વરભાઈ ચૌધરી સહિત મહેસાણા જિલ્લાના યોગ કોચ યોગ ટેનરો યોગ સાધકો સહિત અનેક લોકોએ અભિનંદન પાઠવ્યા હતા.

## મેઉ પગાર કેન્દ્ર શાળામાં પ્રજાસત્તાક દિન ઉજવણી

### ગામની સૌથી ભણેલી દીકરી ઉર્વશીબાના હસ્તે ધ્વજવંદન, બાળકોને ઈનામ વિતરણ




(ગરવી તાકાત) મહેસણા તા.૨૯

મેઉ પગાર કેન્દ્ર શાળામાં ૭૬મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી, જેમાં ગામની સૌથી વધુ ભણેલી દીકરી ચાવડા ઉર્વશીબા અભેસિંહના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા, જેને ગામના આગેવાનો, દાતાઓ, એસએમસી સભ્યો અને વાલીઓએ નિહાળ્યા હતા.એસએમસી અધ્યક્ષ ચાવડા ભૂપતસિંહે બાલવાટિકાથી ધોરણ ૮ સુધીના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ઈનામથી સન્માનિત કર્યા હતા. શાળામાં નવનિર્મિત રંગમંચ માટે યોગદાન આપનાર દાતાઓનું શાલ ઓઢાડી વિશેષ સન્માન કરાયું હતું.

સ્ટેજ સજાવટમાં મદદ કરનાર ઠાકોર નરેશજી જયંતિજી અને બાળકોને કાર્યક્રમની તાલીમ આપનાર વાલી તથા ગાયિકા નેહાબેન નાયકનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવામાં એસએમસી અધ્યક્ષ ચાવડા ભૂપતસિંહ, પંચાયત સભ્ય શૈલેષભાઈ પ્રજાપતિ અને યુવા કાર્યકર ચાવડા નવમિતસિંહ તથા ચાવડા દિલુભા સહિતના મિત્રોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળા પરિવારે સહયોગ આપનાર તમામનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## શંખલપુરમાં સુઝુકી મોટર્સના સહયોગથી ૧૧૦૦ બાળકોનું આરોગ્ય પરીક્ષણ, ૨૩ પ્રકારની પ્રવૃત્તિઓ કરાઈ



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯

બહુચરાજી તાલુકાના શંખલપુર ગામની પ્રાથમિક શાળામાં મંગળવારે એક નોંધપાત્ર કાર્યક્રમનું આયોજન થયું. સુઝુકી મોટર ગુજરાત દ્વારા તેમની સામાજિક જવાબદારીના ભાગરૂપે સ્નેહ પ્રોજેક્ટ અંતર્ગત દેસાઈ ફાઉન્ડેશન સાથે મળીને પ્રથમ બાળ આરોગ્ય મેળો યોજાયો.

આ મેળામાં તાલુકાની ચાર શાળાઓ - શંખલપુર, બહુચરાજી, બેચર અને ફીચડીના ધોરણ ૪થી ૮ના કુલ ૧૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન સુઝુકી કંપનીના એચઆર હેડ વિકાસ શિકરે અને ભાવેશ શાહના હસ્તે કરવામાં આવ્યું.

મેળામાં બાળકો માટે વિશેષ રીતે આયોજિત ૨૩ જેટલી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળ આરોગ્ય, પોષણ, સ્વચ્છતા અને સલામતી જેવા મહત્વપૂર્ણ વિષયો પર જ્ઞાન આપવામાં આવ્યું. આ પ્રવૃત્તિઓ રમત-ગમત સાથે શીખવાની પદ્ધતિથી કરાવવામાં આવી, જેથી બાળકો સરળતાથી વિષયને સમજી શકે.

કાર્યક્રમમાં દંત ચિકિત્સક અને બાળરોગ નિષ્ણાતો દ્વારા તમામ બાળકોનું આરોગ્ય પરીક્ષણ કરવામાં આવ્યું. શાળાના આચાર્ય જીગ્નેશ પટેલ અને સમગ્ર સ્ટાફે દેસાઈ ફાઉન્ડેશન સાથે મળીને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સખત મહેનત કરી. કાર્યક્રમમાં કંપનીના અન્ય અધિકારીઓ અને સ્થાનિક અગ્રણીઓની પણ ઉપસ્થિતિ નોંધપાત્ર રહી.

Volume : 10 Issue : 298 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002